# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 22-05-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ અમદાવાદ અને સૌરાષ્ટ્ર કચ્છ સહિતના વિસ્તારોમાં આગામી સાત દિવસ દરમિયાન હિટવેવની સ્થિતિ યથાવત રહે તેવી હવામાન વિભાગન આગાહી
- ✓ અમદાવાદ અને ગાંધીનગરમાં રેડ અને ઓરેંન્જ એલર્ટના પગલે તંત્ર દ્વારા નાગરિકો માટે તકેદારી જાહેર કરાઇ.. બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા સલાહ
- ✓ ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની મુદત એક દિવસ લંબાવાઇ..હવે વિદ્યાર્થીઓ આજે પણ ફોર્મ ભરી શકશે..
- ✓ રાજ્યના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા મરામત બાદ એર એમ્બ્યુન્સની સેવા ફરી શરૂ કરવામાં આવી.
- ✓ આઇપીએલની અમદાવાદમાં પ્લે ઓફની પ્રથમ મેચમાં કોલકત્તા નાઇટ રાઇડર્સે સનરાઇઝર્સ હૈદ્રાબાદને આઠ વિકેટે પરાજ્ય આપ્યો ... આજે રાજસ્થાન રોયલ્સ અને આરસીબી વચ્ચે મુકાબલો

## TEMPRATURE

સમગ્ર રાજ્યમાં હિટવેવની સ્થિતિ સર્જાઇ ગઇ છે. આગામી ચાર દિવસ દરમિયાન પણ હિટવેવની સ્થિતિ યથાવત રહેશે તેમ હવામાન વભાગ દ્વારા જણાવાયું છે.

ત્યારે છેલ્લા ચોવિસ કલાક દરમિયાન અમદાવાદ ને ગાંધીનગરમાં તાપમાનનો પારો 45 ડિગ્રી સેલ્સિયસ રહ્યો હતો આ બંને શહેરો રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યા

હતા. જ્યારે અમરેલી,સુરેન્દ્ર નગર  અને ભાવનગરમાં તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું..

હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આગાહી અનુસાર 28મી મે સુધીમાં રાજ્યમાં કાળઝાળ ગરમીની સ્થિતિ યથાવત રહેશે.. સૌરાષ્ટ્ર કચ્છ, ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ શહેરમાં  જેવા વિસ્તારોમાં ઓરેંજ એલર્ટ જાહેર કરાયું છે...

.................

## HEATWAVE

રાજ્યમાં હિટવેવની સ્થિતિ સર્જાઇ ગઇ છે. ત્યારે અમદાવાદ અને ગાંધીનગર મહાનગર પાલિકાઓ દ્વારા તકેદારી જાહેર કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા જાહેર કરાયેલી અગમચેતી અંતર્ગત જણાવાયું છે કે આજથી લઇને ત્રણ દિવસ સુધી હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યુ છે જ્યારે 25 અને 26 મે દરમિયાન ઓરેંજ એલર્ટ છે ત્યારે શહેરીજનોને તકેદારી રાખવાની સૂચના અપાઇ છે તેમજ શહેરના અર્બન સેન્ટર ઉપર ઓઆરએસના પેકેટ ઉપલબ્ધ છે અને ભીડભાડવાળી જગ્યાઓ ઉપર પણ ઓઆરએસના પેકેટનું વિતરણ કરાઇ રહ્યું છે.

જ્યારે અમદાવાદ મહાનગર પાલિકાએ આચથીલઇને પાંચ દિવસ સુધી હવામાન વિભાગ દ્વારા અપાયેલા  ઓરેંજ એલર્ટને ધ્યાને લઇને વિવિધ તકેદારીના પગલા લીધા છે. જેમાં  જાહેર કરીને લોકોને બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા સલાહ અપાઇ છે. આ ઉપરાંત વધુને વધઉ પાણી પીવાની પણ મનપાના આરોગ્ય વિભાગે સલાહ આપી છે. છાશ અને ઓઆરએસના પેકેટનું પણ શહેરના વિવિધ વિસ્તારોમાં વિતરણ કરાઇ રહ્યું છે..

.................

## AMC RANBASERA

અમદાવાદમાં ઓરેંજ એલર્ટ જાહેર કરાયેલું છે જેને કારણે મહાનગર પાલિકાનું તંત્ર સતર્ક બન્યું છે.

તેમજ નાગરિકોને લૂની અસર ન થાય તે માટેના પ્રયાસો આદરવામાં આવ્યાં છે. આ અંતર્ગત મહાનગર પાલિકાના યુસીડી વિભાગ દ્વારા રસ્તા ઉપર રહેતા લોકોને મહાનગર પાલિકા સંચાલિત વિવિધ સાત વોર્ડમાં આવેલા 31 જેટલા આશ્રયગૃહોમાં ખસેડવામાં આવી રહ્યાં છે.. હાલમાં અમદાવાદમાં 2 હજાર 727 ઘરવિહોણા લોકો આશ્રયસ્થાનો આશ્રય લઇ રહ્યાં છે.

ત્યારે હાલની હિટવેવની સ્થિતિને ધ્યાનમાં લઇને મહાનગર પાલિકાના યુસીડી વિભાગ દ્વારા આવા લોકોને ઓઆરએસનું દ્વાવણ બનાવીને આપવામાં આવી રહ્યું છે જેને કારણે ઘરવિહોણા લોકોને ગરમીની અસર  ન થાય આ ઉપરાંત તકેદારીના ભાગરૂપે સાત ઝોનમાં ટીમો બનાવીને ફૂટપાથ પર રહેતા લોકોને સમજાવીને આશ્રયસ્થાનોમાં પણ મોકલવામાં આવી રહ્યાં છે.

આવા લોકો માટે મેડિકલ ચેકઅપ અને સાંજના એક સમયના ભોજનની પણ વ્યવસ્થા મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવી હોવાની માહિતી મહાનગર પાલિકા દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદીમાં આપવામાં આવી છે.

.................

## PURAK PARIKSHA

તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ દસ અને બારના પરિણામ જાહેર કરાયાં હતાં.

હવે જે વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવાની થતી હોય છે તે વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરિક્ષાના ફોર્મ ભરવા માટેની સમય મર્યાદા વધારાઈ છે.

હવે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરિક્ષા ના ફોર્મ ૨૨ મે એટલે કે આજ સુધી ભરી શકાશે.. અગાઉ ૨૧ મે સુધી ફોર્મ ભરવાની અંતિમ તારીખ હતી..એક દિવસ બોર્ડે મુદત વધારી છે.. બોર્ડની વેબસાઇટ ઉપરથી આ ફોર્મ ભરાશે..તેવી જાહેરાત શિક્ષણ બોર્ડ દ્વારા કરાઇ છે.

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધોરણ-12 સામાન્ય પ્રવાહ પરીક્ષાની માર્કશીટનું વિતરણ 23મી મે ના રોજ કરાશે.

.................

## air ambulance

રાજય સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ દ્વારા મરામત સુનિશ્ચિત કરાયા બાદ એર એમ્બ્યુલન્સ સેવા ફરી શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે એર એમ્બ્યુલન્સ ડૉક્ટર અને પેરામેડિકલ સ્ટાફ સાથે, વેન્ટિલેટર, ઓક્સિજન સિલિન્ડર અને ECG મોનિટર વગેરે જેવા આવશ્યક તબીબી સાધનો સાથે સજ્જ છે.

એર એમ્બ્યુલન્સ દ્વારા દર્દીઓને ઝડપથી એક એરપોર્ટથી બીજા એરપોર્ટ પર તુરંત પહોંચાડી શકે શકાય છે, જેથી ઝડપથી અને સમયસર તબીબી સારવાર મળી શકે. અત્યાર સુધીમાં 42 એર એમ્બ્યુલન્સ ઉડાનો સફળતાપૂર્વક સંચાલિત કરવામાં આવી છે. એર એમ્બ્યુલન્સ સેવાનો લાભ લેવા માટે 108 પર સંપર્ક કરી શકાય છે.

.................

## PRE-MONSOON ARRANGEMENTS

ગીરસોમનાથ જિલ્લામાં વર્ષાઋતુમાં ઉભી થતી સમસ્યાઓના પૂર્વાયોજનરૂપે કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પાણીના ભરાવા તથા ભારે વરસાદના કારણે થતા જાનમાલના નુકસાનને કેવી રીતે અટકાવી શકાય તે અંગે કલેક્ટરે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

દાદરાનગર હવેલી તંત્ર પણ ચોમાસામાં પાણી ભરાવવાની પરિસ્થિતિને પહોંચી વળવા અત્યારથી જ કામે લાગી ગયું છે. તંત્રએ વિવિધ સ્તરે ટીમ બનાવી છે. ચોમાસામાં વિકટ પરિસ્થિતિના નિવારણ માટે આ ટીમ સજ્જ રહેશે. તંત્રએ મુશ્કેલીના સમય માટે અધિકારીઓના નામ અને સંપર્ક નંબર પણ જાહેર કર્યા છે.

.................

## COTTON GUIDELINES

રાજ્યના ખેતી નિયામકની કચેરીએ કપાસના પાક અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે.

માર્ગદર્શિકામાં પીયતની સગવડતા હોય તે ખેડૂતો દ્વારા કપાસનું વાવેતર કરવામાં જણાવવામાં આવ્યું છે. અન્યથા પાક ઉત્પાદનમાં અસર થવાની શક્યતા રહે છે. એવી જ રીતે ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઇપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિ, પેઢી કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી ન કરવાની સૂચના અપાઇ છે.

યાદીમાં જણાવ્યાનુસાર બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, સહિતની વિગત દર્શાવતું બીલ સહી સાથે લેવાનો આગ્રહ રાખવાનું સૂચન કરાયું છે. રાજ્યમાં કપાસ પાકનાં વાવેતર માટે જરૂરી બિટી કપાસના બિયારણોનો અને રાસાયણિક ખાતરોનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ત્યારે ખેડૂતોએ કપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવુ જેથી સંભવિત જોખમ નિવારી શકાય.

.................

## RAN TID TIPS

રણતીડના ટોળા ખેડૂતોના પાકને નુકસાન કરે છે. તીડથી ખેડૂતોના ઉભા પાકને નુકશાન થતું અટકાવવા માટેની માર્ગદર્શિકા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાઈ છે.

તીડનુ ટોળુ આવતું હોવાની માહિતી મળતા ગ્રામજનોને સાવધાન કરવા તથા ખેતરમાં ઢોલ, પતરાના ડબ્બા કે થાળીઓ વગેરે વગાડી મોટો અવાજ કાઢવો. તીડનુ ટોળુ રાત્રે રોકાય તો કેરોસીનના કાકડા અથવા ફ્લેમથ્રોઅર વડે સળગાવીને નાશ કરવો. જે વિસ્તારમાં તીડના ઇંડા મુક્યા હોઈ તે વિસ્તારની જમીન પર એક હેક્ટર જમીનદીઠ ૨૫ કિ.ગ્રા. જેટલી મેલાથીઓન ૫ ટકા અથવા ક્વીનાલફોસ ૧.૫ ટકા ભૂકીના બે ફૂટ પહોળા પટ્ટાઓ કરવાથી તીડથી રક્ષણ મળી શકે છે. આ ઉપરાંત અનુકૂળ જગ્યાએ લાંબી ખાઈઓ ખોદીને તીડના બચ્ચાના ટોળા દાટી દેવા.

આ ઉપરાંત તીડના બચ્ચાના ટોળાને આગળ વધતા અટકાવવા ઝેરી પ્રલોભિકા ૧૦૦ કિ.ગ્રા.ઘઉં કે ડાંગર ભૂસાની સાથે ૦.૫ કિ.ગ્રા. ફેનીટોથ્રીઓન જંતુનાશક દવા અને ગોળની રસી ૫ કિ.ગ્રા. બનાવી જમીન ઉપર રસ્તામાં વેરવાથી તીડનો નાશ થાય છે. કૃષિ યુનિવર્સિટીની માર્ગદર્શિકા મુજબ લીમડાની લીંબોડીની ૫૦૦ ગ્રામ મીંજનો ભૂકો, ૫% અર્ક અથવા ૪૦ મિ.લિ લીંબડાનું તેલ અને ૧૦ ગ્રામ કપડાં ધોવાનો પાવડર, ૨૦ મિ.લિ થી ૪૦ મિ.લિ લીંબડા આધારીત તૈયાર કીટનાશક ૧૦ લીટર પાણીમાં ઉમેરી બનાવેલ દ્રાવણ છાંટવાથી તીડ આવા છોડને ખાતા નથી. જ્યારે તીડે  ઇંડા મુક્યા હોયતો, તે વિસ્તારમાં ઊંડી ખેડ કરી ઈંડાનો નાશ કરવા જેવી માર્ગદર્શિકા જાહેર કરાઇ છે.

.................

## IPL

આઇપીએલ ક્રિકેટમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઇ કાલે રમાયેલી પ્લે ઓફની પ્રથમ મેચમાં કોલકતા નાઇટ રાઇડર્સે સનરાઇઝર્સ હૈદરાબાદને આઠ વિકેટે પરાજય આપીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

સનરાઇઝર્સ હૈદરાબાદે 159 રન કર્યા હતા,. વળતા જવાબમાં કોલકાતાએ માત્ર 13.4 ઓવરમાં બે વિકેટ ગુમાવીને 164 રન કર્યા  કેપ્ટન શ્રેયસ ઐયરે 24 બોલમાં 58 અને વેંકટેશ ઐયરે 28 બોલમાં 51 રન કર્યા હતા.

અગાઉ ટોસ જીતીને બેટિંગ લેનાર હૈદરાબાદ 19.3 ઓવરમાં 159 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. રાહુલ ત્રિપાઠીએ 35 બોલમાં 55 રન કર્યા હતા. કોલકતા વતી મિશેલ સ્ટાર્કે ત્રણ વિકેટ લીધી હતી. સ્ટાર્કને પ્લેય ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે આ જ મેદાન પર  એલિમિનેટર રાઉન્ડમાં રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે મુકાબલો થશે. આ મેચ જીતનાર ટીમ શુક્રવારે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટકરાશે. રવિવારે ફાઇનલ મેચ રમાશે.

.................

## Trampoline Asian Championship

ચીનના હોંગકોંગ ખાતે યોજાયેલી છઠ્ઠી ટ્રેમ્પોલિન એશિયન ચેમ્પિયનશીપ 2024 સ્પર્ધામાં રાજ્યની ખેલાડી ફલક વસાવાએ અંતિમ તબક્કામાં છઠ્ઠો ક્રમાંક હાંસલ કર્યો છે.

નર્મદા જિલ્લાની રાજપીપળાની આ દીકરીએ વિશ્વફલક પર ગૌરવ વધાર્યું છે.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, કુમારી ફલકે આ અગાઉ રાષ્ટ્રીય કક્ષાની ટ્રેમ્પોલિન જીમ્નાસ્ટિક સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ફલકની માતા જીમ્નાસ્ટિક કોચ છે અને તેઓ પોતાની દીકરીના કોચ તરીકે આ સ્પર્ધામાં સહભાગી થયા હતા.

.................

## Silicosis disease

સિલિકોસીસ રોગના નિદાનને લઈને જાગૃતિ કેળવવાના ઉદેશ સાથે GMERS જનરલ હોસ્પિટલ મોરબી ખાતે એક કાર્યશાળા યોજાઇ ગઈ.

જેમાં મોરબી જિલ્લાના સરકારી તબીબી અધિકારીઓ હાજર રહ્યા હતા.આ કાર્યશાળામાં પી. એચ.સી અને સી.એચ.સીનાં તબીબી અધિકારીઓને સિલીકોસિસ દર્દીઓનું યોગ્ય નિદાન તથા સારવાર થઈ શકે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું .ઉપરાંત આ રોગના પ્રાથમિક લક્ષણો અંગે જાણકારી આપવામાં આવી હતી.

.................